CAREER OPPORTUNITY

Mechanical Engineer (01)

Key Responsibilities

- Must have knowledge of AutoCAD and Solidworks, along with a strong technical mindset and a keen interest in machine design and development.
- Support new machine development, testing and implementation activities.

Qualification

- Diploma / B.E. / B. Tech in Mechanical Engineering.

Interested Candidates may send their resume on
99988 43649 I or share their resume on ea@juicetap.in

JuiceTap CITRUS ENERGY FOR CHAMPIONS!
JuiceTap Global Pvt. Ltd.
13, Nandini Farm, Tata Motors Lane, Bhatpore, Hazira, Surat, Gujarat 394510.

VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

UDHNA - MAGDALLA ROAD, SURAT.
Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC

EMPLOYMENT NOTICE

Veer Narmad South Gujarat University invites online applications for the post of Finance and Accounts Officer in connection with the permission granted by Education Department, Government of Gujarat, Gandhinagar vide Resolution No. ED/VNS/e-file/3/2026/0235/KH-2, dated 22-05-2026 as per following ;

Sr. No	Name of Post	Pay Scale	No. of Post	Category
1	Finance and Accounts Officer	1,44,200 - 2,18,200 (Level-14)	1	General

Eligible candidate shall be required to apply online on or before dated 25-07-2026 till 6:00 pm at: http://vnsgunt.samarth.edu.in The other details about application form fee and minimum qualifications are available on the University website: www.vnsgu.ac.in & http://vnsgunt.samarth.edu.in Applicant needs to send two hard copies of the application on or before dated 31-07-2026 along with all self-attested testimonials, certificates and all supporting documents.

Note: 1. Any corrigendum/addendum, if any, shall be published only on the University website. No separate communication shall be made to the applicants.
2. For updates, Candidates are advised to check University Website regularly: www.vnsgu.ac.in.

No.: GAD/EmpNotice/14041/2026
Date : 24/06/2026

Sd/-
Registrar

''સ્વસ્થમ બિઝનેસ પાર્ક'' પ્લોટ નંબર ૫ ની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, તા. પુણા, મોજે **સારોલી** ના રે.સર્વે નં. ૭૬, બ્લોક નં ૧૧૬, વોર્ડ સારોલી (બીનખેતી), સીટી સર્વે નં. NA૧૧૬ વાળી બીનખેતીની જમીનમાં આયોજીત **''સ્વસ્થમ બિઝનેસ પાર્ક''** માં આવેલ **પ્લોટ નંબર ૫ જેનો સીટી સર્વે નં. NA૧૧૬/૫ જેનું ક્ષેત્રફળ ૨૨૦.૩૬ ચો.મી.** વાળી ખુલ્લી મિલકત ના માલિક **ભાર્ગવ રમેશભાઈ આસોદરિયા,** રહેઃ સુરત નાએ સદરહુ મિલકત પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર મિલકત અંગે કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક-હીસ્સો, દર-દાવો, લાગ-ભાગ યા અન્ય પ્રકારના કોઈપણ જાતના હક્ક અધિકાર સમાયેલ હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તે અંગેના લેખીત પુરાવાઓ સહીત અમારો રૂબરૂ સંપર્ક કરી તે અંગેના વાંધાઓ નોંધાવવા. સદર મુદત દરમ્યાન કોઈનાં કોઈપણ પ્રકારના વાંધા વિરોધ નોંધાવવામાં નહી આવે તો મજકુર મિલકત અંગે કોઈના કોઈપણ પ્રકારના હક્કો રહેલ નથી અને હોય તો તે જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ સદર મિલકતનો કાયદેસરનો સંપુર્ણ વેચાણ અવેજ ચુકતે કરી તેનો વેચાણ દસ્તાવેજ/લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

(ઓ) TF-29, ત્રીજા માળ, ઈ-સ્પેસ બિલ્ડીંગ, શ્રી શ્યામ મંદિરની પાસે, VIP રોડ, વેસુ, સુરત ફોન નં. ૯૮૨૫૧ ૩૭૨૫૭

રાકેશ એ. વાધવાની
તે ખરીદનારાના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટિસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના મોજે **ગામ કમરોલી** ના **બ્લોક નંબર-૩૬૯ જેનું ક્ષેત્રફળ એકર ૪-૦૯ ગુંઠા, હેકટર ૧-૭૦-૯૮ આરે ચો.મી., જેના આકાર રૂા.૧૬.૨૫ પૈસાવાળી** ખેડ ખાતાની ખેતીની જુની શરતની જમીન આવેલ છે. પૈકી **ઉત્તર દિશા તરફની એકર ૧-૦૦ ગુંઠા, હેકટર ૦-૪૦-૪૭ આરે ચો.મી.** વાળી ખેડખાતાની ખેતીની પિયત જમીન તથા તેમાં આવેલા ઝાડ બીડ સહિત તથા તેના અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની જમીન. તથા. તેમાં પરાપૂર્વથી ચાલી આવેલા આવવા. જવાના. રસ્તાના. વપરાશના હક્કો સહિતના રેવેન્યુ રેકોર્ડ ૭/૧૨ ના માલિક, કબજેદાર તરીકે **નાનુભાઇ હરિભાઇ** ચાલી આવેલા હોવાનું જણાવી તેમજ સદરહુ **ઉત્તર દિશા તરફની ૪૦૪૭ ચો.મી.** જમીન તેઓની સંયુક્ત માલિકીની, કબજા ભોગવટાવાળી, બોજા રહિત તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા નક્કી કરેલ છે. સદર જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, ચાર્જ/બોજો, ઈઝમેન્ટ રાઈટ્સ, ગણોત હક્ક હોય તો તેઓએ તે અંગેના પુરાવાઓ સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં હમોને લેખિતમાં વાંધાઓ મોકલી આપવા. મુદતમાં કોઇના વાંધા નહીં આવશે તો સદર વેચાણ આપવા નક્કી કરેલ. **બ્લોક નંબર-૩૬૯ વાળી કુલ્લે જમીન પૈકી ઉત્તર દિશા તરફની એકર ૧-૦૦ ગુંઠા, હેકટર ૦-૪૦-૪૭ આરે ચો.મી.** વાળી ખેડખાતાની ખેતીની પિયત જમીનમાં કોઈનો હક્ક નથી અથવા હક્ક હોય તો છોડી દીધેલ છે તેમ માની હમારા અસીલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈનો વાંધો કે તર-તકરાર ચાલશે નહીં.જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફીસ : ૨૧૧, ઈન્ફિનિટી બિઝનેસ હબ, સાંઈ તીર્થ એપાર્ટમેન્ટ પાસે, કેનાલ રોડ, પાલનપોર, સુરત-૯. મો. ૯૮૨૫૦ ૩૫૭૨૦.

નેન્સી શાહ
તે ખરીદનારનાં એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

જિલ્લો : સુરત, તાલુકો : ચોર્યાસીના મોજે ગામ : ખરવાસાના રેવન્યુ સર્વે નંબર : ૧૮૨, જેનો બ્લોક નંબર : ૧૯૯ થી નોંધાયેલી સુમારે હે.આરે.૦-૬૯-૮૧ ચો.મી. ક્ષેત્રફળ, જેનો આકાર રૂા. ૭.૮૧ પૈસાવાળી બિનખેતી પ્રિમિયમને પાત્ર જુની શરતની ખેતીની જમીન તેના માલિકો દમયંતીબેન તે બલ્લુભાઇ છગનભાઇની વિધવા, વિરેનકુમાર બલ્લુભાઇ તથા પ્રિયેનકુમાર બલ્લુભાઇનાઓએ તેઓની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને તમામ બોજારહિત તથા તમામ ક્લિયર અને માર્કેટેબલ ટાઇટલથી વેચાણ આપવા નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીનમાં જે કોઈ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઇ પણ જાતનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દરદાવો, કબજાના, સાટાખતના યા બીજા કોઈ પણ રીતના હક્ક હોય તેણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઇના કોઈ પણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ યા દરદાવો કે બીજી કોઈ પણ રીતનો હક્ક નથી અને હોય તો તે છોડી દીધા છે તેમ ગણી મારા અસીલ તમામ વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

મિતેશ બી. મોદી તે ખરીદનારના એડવોકેટ
ઠે. ૭૯, ગાંધી હાઉસ, નર્મદનગર, આદર્શ ભવનની પાસે, સુરત ટેનીસ કલબની ગલીમાં, અઠવાલાઇન્સ, સુરત. મો. નં. ૯૯૭૯૪ ૫૪૦૯૪

જાહેર નોટીસ

મહેરબાન સુરતના ૨૦માં એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં
રૂમ નંબર-૯૦૮ નવમો માળ, નવી કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત.

અરજદાર :- ललितभाई જયંતીભાઈ પટેલ — **વારસા અરજી નંબર – ૯૯/૨૦૨૬**
ઉ.આ.વ. ૫૮, ધંધો : ખેતી, — **એડવોકેટશ્રી પ્રાજલ કે. પટેલ**
રહેવાસી : મોજે દેવધ, તા.પલસાણા, જી.સુરત
વિરૂધ્ધ
સામાવાળા :- કોઈ નહી.

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, **મર્હુમ જયંતિભાઈ છગનભાઈ પટેલ, મર્હુમ ગીતાબેન જયંતિભાઈ પટેલ, મર્હુમ જનકભાઈ જયંતિભાઈ પટેલ** ની નીચે શીડયુલમાં જણાવેલ મિલ્કતો અંગે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા અંગે અત્રેની કોર્ટમાં વારસા અરજી દાખલ કરેલ છે. જે વારસા અરજીની સુનાવણી **તા.૨૪-૦૭-૨૦૨૬** ના રોજ **સવારે ૧૧:૦૦** કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તે આ વારસા અરજી વિરૂધ્ધ જે કોઈ ઈસમોએ વાંધા વિરોધ હોય તેમણે જાતે અગર તો વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ કાયદા અન્વયે આપવામાં આવશે. જેની નોંધ લેશો.

શીડયુલ

ક્રમ	વિગત	એકાઉન્ટ નંબર
૧	BANK OF BARODA, SAVING ACCOUNT	93180100004425
૨	BANK OF BARODA, SAVING ACCOUNT	93180100006511
૩	BANK OF BARODA, SAVING ACCOUNT	93180100006402

આજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. **હુકમથી**

તૈયાર કરનાર સહી, (વી.બી.ડાંગર) આસીસ્ટન્ટ — **મુકાબલ કરનાર** સહી, (ડી.પી.દલસાણીયા) સુપ્રિન્ટેડન્ટ — (કોર્ટનો સિક્કો) — **(એસ.આર.કાપડીયા)** I/C રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ ઓલપાડ તાલુકાના, **મોજે ગામ અટોદરા** ના **રેવન્યુ સરવે/બ્લોક નં.૨૦૫/S** વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧–૧૮–૯૦ ચો.મીટર યાને **૧૧,૮૯૦ ચો.મીટર** વાળી ખેતીની જમીનના માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે **(૧) પ્રભાકાંતભાઈ ઠાકોરભાઈ પટેલ, (૨) જયોતિબેન પ્રભાકાંતભાઈ પટેલ, (૩) જીગ્નેશભાઈ પ્રભાકાંતભાઈ પટેલ, (૪) વિવેકભાઈ પ્રભાકાંતભાઈ પટેલ** ચાલી આવેલા છે અને સદરહુ મિલકત કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલ સદરહુ મિલકત ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે બેંક કે અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે હોઈ તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ મિલકતના માલિકો પાસેથી કાયદેસરના લખાણો / દસ્તાવેજો કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કાંઈપણ પ્રકારે તર–તકરાર, દાવો, ફરિયાદ ચાલશે નહીં જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. **તા.૨૫/૦૬/૨૦૨૬**

ઓફિસ : ૪૦૩, ઝીરકોન પ્લસ, પટેલ સમાજની વાડી સામે, આંબાતલાવડી, કતારગામ, સુરત–૪, મો. ૯૮૨૪૮ ૮૨૭૮૫, ૯૫૭૪૬ ૩૮૦૦૦

અસીલની સુચના અને ફરમાઈશથી
વિનોદરાય ડી. પટેલ
એડવોકેટ & નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ હસમુખભાઈ મંગાભાઈ આહિર રહે. પલસાણા, તા.પલસાણા, જિ.સુરત તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

ગામ/તાલુકો/જિલ્લો	બ્લોક નંબર	ક્ષેત્રફળ
પુણી /પલસાણા/ સુરત	૪૧૪	૦-૨૨-૨૬
પુણી /પલસાણા/ સુરત	૪૧૫	૦-૮૯-૦૩
પુણી /પલસાણા/ સુરત	૪૧૬	૦-૯૧-૦૫

ઉપરોક્ત મિલકત (૧) જયેશકુમાર રમેશચંદ્ર દેસાઈ (૨) પંકજકુમાર રમેશચંદ્ર દેસાઈ (૩) કૈલાશબેન રમેશચંદ્ર દેસાઈ (૪) ગીતાબેન રોહિતભાઈ દેસાઈ (૫) હાર્દિક રોહિત દેસાઈ ના નામે ચાલે છે. અમારા અસીલે ઉપરોક્ત મિલકત ખરીદ કરેલ છે. જેથી અમારા અસીલ, ઉપરોક્ત ખેડૂતોને વેચાણ કિંમત ચુકવી ટુંક સમયમાં વેચાણ દસ્તાવેજ કરનાર છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક- હિત- હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ-ભાગ, હકક-હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો નથી કે સબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને કરવા-કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

ધર્મેશ ટી. કંથારીયા - એડવોકેટ
૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત મો.નં. 98258 70753

વેચાણ અંગેની જાહેર નોટીસ

જત અમારા અસીલ હસમુખભાઈ મંગાભાઈ આહિર રહે. પલસાણા, તા.પલસાણા, જિ.સુરત તરફે મળેલ સુચના અને ફરમાઈશ અન્વયે લાગતા વળગતા તમામને જણાવવાનું કે,

ગામ/તાલુકો/જિલ્લો	બ્લોક નંબર	ક્ષેત્રફળ
પુણી /પલસાણા/ સુરત	૩૮૯	૦-૯૧-૦૫

ઉપરોકત મિલકત (૧) હેમંતભાઈ છીબાભાઈ આહિર (૨) નટવરભાઈ છીબાભાઈ આહિર ના નામે ચાલે છે. અમારા અસીલે ઉપરોક્ત મિલકત ખરીદ કરેલ છે. જેથી અમારા અસીલ, ઉપરોકત ખેડૂતોને વેચાણ કિંમત ચુકવી ટુંક સમયમાં વેચાણ દસ્તાવેજ કરનાર છે. જેથી સદરહુ મિલકતના કાયદેસરના પાકા લખાણો તથા પાકો રજિ. વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહુ મિલકતના કોઈપણ હકક– હિત- હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાના કોઈપણ પ્રકારનાં લાગ–ભાગ, હકક–હિત-હિસ્સા, વંશ, વાલી, વારસોના સંબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેના લેખિત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં નીચે જણાવેલ સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કસુર કરશો તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક–હિત-હિસ્સો તેમજ કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો નથી કે સબંધ નથી તેમ ગણી, અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે તેમ ગણી કાયદેસરનો પાકો જિ. વેચાણ દસ્તાવેજ કરી લેવામાં આવશે અને ત્યારબાદ તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને કરવા-કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

ધર્મેશ ટી. કંથારીયા - એડવોકેટ
૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત મો.નં. 98258 70753

જાહેર નોટીસ

મહેરબાન સુરતના ૧૩ માં એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં
રૂમ નંબર-૭૧૩, સાતમો માળ, નવી કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત.

અરજદાર :- (૧) ભકિતબેન ગીરીશભાઈ થાનકી — **વારસા અરજી નંબર – ૭૮/૨૦૨૬**
ઉ.આ.વ. ૫૬, ધંધો : ઘરકામ, — **એડવોકેટશ્રી પ્રાજલ કે. પટેલ**
રહેવાસી : ૧૮ શ્રીરામદૂત રો-હાઉસ, પાલ રોડ, સુરત
(૨) નિશાંત ગીરીશભાઈ થાનકી
ઉ.આ.વ. ૩૬, ધંધો : મેડીકલ પ્રેકટીસનલ
રહેવાસી : ૧૮ શ્રીરામદૂત રો-હાઉસ, પાલ રોડ, સુરત
વિરૂધ્ધ
સામાવાળા :- કોઈ નહી.

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, **મર્હુમ ગિરીશકુમાર ઓધવજી થાનકીની** નીચે શીડયુલમાં જણાવેલ મિલ્કતો અંગે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા અંગે અત્રેની કોર્ટમાં વારસા અરજી દાખલ કરેલ છે. જે વારસા અરજીની સુનાવણી તા.૨૦-૦૭-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. તે આ વારસા અરજી વિરૂધ્ધ જે કોઈ ઈસમોએ વાંધા વિરોધ હોય તેમણે જાતે અગર તો વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ કાયદા અન્વયે આપવામાં આવશે. જેની નોંધ લેશો.

શીડયુલ

ક્રમ	વિગત	એકાઉન્ટ નંબર
૧	STATE BANK OF INDIA PROVIDENT FUND ACCOUNT	80140351087

આજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. **હુકમથી**

તૈયાર કરનાર સહી, (બી.એન.પટેલ) આસીસ્ટન્ટ — **મુકાબલ કરનાર** સહી, (આર. જી. ખુમાણ) બેન્ચ કલાર્ક — (કોર્ટનો સિક્કો) — **(એસ.આર.કાપડીયા)** I/C રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, સુરત

જમીન વેચાણ અંગે ટાઈટલ કલીયરની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં મોજે : દીહેણનાં બ્લોક નંબર : ૧૦૯૨

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકેઃ ઓલપાડનાં મોજે : **દીહેણનાં ખાતા નંબર : ૬૫૧,** જેનો રે. સર્વે નં.: ૭૬૪/૩, **બ્લોક નંબર : ૧૦૯૨** વાળી ખેડખાતાની જુની શરતની ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે **ક્ષેત્રફળ હે.આરે. ૦–૦૫–૦૬ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર રૂા.૦–૯૪ પૈસાવાળી જૂની શરતની ખેતીની પિયત જમીન **(૧) રોહિતભાઈ નારણભાઈ, (૨) પરીક્ષિતભાઈ રોહિતભાઈ પટેલ** ની કુટુંબની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હક્ક, વેચાણ હક્ક, માલીકી હક્ક, હીત, અધીકાર, સબંધ, કે દાવો, બોજો, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હક્ક, ભાડા હક્ક, સાટાખત હક્ક, ઈઝમેન્ટ હક્ક, વપરાશી હક્ક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન–૭**માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો– વિરોધ, તરતકરાર, લાગભાગ, હક્ક, હીત, અધિકાર નથી, અથવા કબજા હક્ક, વેચાણ હક્ક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન માલીકની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો–વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી. ઉપર મુજબની મીલકતનાં વેચાણ બાબતની જાહેર નોટીસ અમારી સુચના અને સંમતિથી તથા માલીકની ફરમાઈશથી આપવામાં આવેલ છે. ઉપર જણાવેલી તમામ હકીકતો અમારા જણાવ્યા મુજબ સાચી અને ખરી છે.

ઓફિસઃ ૩૩૭, એ.આર.મોલ, મોટા વરાછા, વરાછા, સુરત. મો. ૯૪૨૯૮ ૩૫૬૨૨

ડેનીશા વી. ભડીયાદ્રા
તે ખરીદનારના એડવોકટ

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને ચેતવણીપૂર્વક જણાવવાનું કે સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ કાછોલના ગામતળમાં આવેલ ઘર નં.૩/૮૫ કે જેનું સુમારે ક્ષેત્રફળ ૫૬૧.૯૪ વાર યાને ૪૬૯.૯૮ ચો.મી. વાળો રહેણાંકનો ખુલ્લો પ્લોટ સને-૨૦૨૫-૨૬ ના ગામ નમુના નં.૮ મુજબ મિલ્કત નં.૯૫ મકાન નં.૮૫ કે જે મોહલ્લાનું નામ નવુ ફળીયુ વાળી મિલ્કતના સ્વતંત્ર માલિક, મુખત્યાર અને કબ્જેદાર તરીકે અમોના અસીલ અલ્પેશકુમાર મહેશભાઈ પટેલ તથા રાજેશકુમાર મહેશભાઈ પટેલ નાઓ છે અને સદર રહેણાંકના ખુલ્લા પ્લોટ વાળી મિલ્કતનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કબ્જો પણ અમોના અસીલનો ચાલી આવેલ છે. સદર રહેણાંકના ખુલ્લા પ્લોટ વાળી મિલ્કતનું સ્થાનીક સત્તામંડળનું મહેસુલ પણ અમોના અસીલ ભરતા આવેલ છે. સદર મિલ્કતના સ્વતંત્ર માલીક, મુખતીયાર અને કબ્જેદાર તરીકે નગીનભાઈ મોરારભાઈ પટેલ કે જેઓ અમારા અસીલના દાદા યાને ડાહ્યાભાઈ મોરારભાઈ પટેલના ભાઈ થતા હોય નગીનભાઈ મોરારભાઈ પટેલ નાઓએ તેમની હયાતીમાં મહેરબાન ઓલપાડના સબ-રજીસ્ટ્રાર સમક્ષ અનુક્રમ નં. ૧૫૫૫૯/૨૦૧૯ તા.૨૫-૧૧- ૨૦૧૯ ના રોજ બક્ષીસ લેખથી યાને ગીફ્ટ ડીડ થી સદર સ્વતંત્ર માલીક તરીકેની રહેણાંકના ખુલ્લા પ્લોટ વાળી મિલ્કત અમોના અસીલ અલ્પેશકુમાર મહેશભાઈ પટેલ તથા રાજેશકુમાર મહેશભાઈ પટેલ નાઓને આપવામાં આવેલી અને પ્રત્યક્ષ અને પરોક્ષ કબ્જો સુપ્રત કરેલો. ત્યારથી સદર મિલ્કતના સ્વતંત્ર માલીક, મુખતીયાર અને કબ્જેદાર અમોના અસીલ બનેલા. સદર મિલ્કત બાબતે મહેરબાન ઓલપાડના સબ-રજીસ્ટ્રાર સમક્ષ અનુક્રમ નં. ૧૫૫૫૯/૨૦૧૯ તા.૨૫-૧૧-૨૦૧૯ ના રોજ નોંધાયેલ બક્ષીસનો દસ્તાવેજના અમલ બાબતે ગ્રામપંચાયત દફતરે નામ ફેર કરવા માટેની અરજી કરવામાં આવેલી. જે અરજી બાબતે ગ્રામપંચાયત તરફથી નોટીસ પણ કાઢવામાં આવેલી. પરંતુ સદર મિલ્કત બાબતે હાલમાં ગ્રામપંચાયત દફતરે આકરણીમાં જેઓનું નામ ચાલે છે તેઓએ ખોટી રીતે તલાટીના મેળાપીપણામાં પોતાનું નામ ફેર કરવામાં આવેલ હોય જે અંગેની કાર્યવાહી અમોના અસીલે સક્ષમ સત્તા મંડળ સમક્ષ અપીલ પણ દાખલ કરેલ છે. જે અપીલ હાલ પેન્ડીંગ છે. જે હકીકતમાં સદરહુ સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ કાછોલના ગામતળમાં આવેલ ઘર નં.૩/૮૫ કે જેનું સુમારે ક્ષેત્રફળ ૫૬૧.૯૪ વાર યાને ૪૬૯.૯૮ ચો.મી. વાળો રહેણાંકનો ખુલ્લો પ્લોટ સને-૨૦૨૫-૨૬ ના ગામ નમુના નં.૮ મુજબ મિલ્કત નં.૯૫ મકાન નં.૮૫ કે જે મોહલ્લાનું નામ નવુ ફળીયુ વાળી મિલ્કત અંગે કોઈપણ ઈસમ અથવા વ્યક્તિ દ્વારા અમોના અસીલના હક્ક, હિતને નુક્શાન થાય કે તેમા કોઈપણ પ્રકારની ન્યુનતા આવે તેવા કોઈપણ કૃત્યો કરવા નહીં કે કરાવવા નહીં. જો તેમ કરવામાં આવશે તો કોઈપણ વ્યક્તિ અથવા ઈસમને શુદ્ધબુદ્ધીપૂર્વકનું કાર્ય કરેલુ કહેવામાં આવશે નહીં અને તેવી વ્યક્તિ અથવા ઈસમને સદરહુ જમીન બાબતમાં કોઈપણ પ્રકારનું ટાઈટલ કોઈપણ વ્યક્તિ કે ઈસમને પ્રાપ્ત થશે નહીં. સદરહુ જમીનમાં અમારા અસીલોના હક્ક, હિત લાગતુ હોય કોઈએ પણ આ સદર મિલ્કતમાં અમારા અસીલોના હક્કને નુક્શાન થાય કે ન્યુનતા આવે તેવા કોઈપણ જાતની તબદીલી કે અન્ય કોઈપણ વ્યવહારો કરવા નહીં અને જો કરવામાં આવશે તો તેનાથી કોઈ હક્ક કે ટાઈટલ મિલ્કત બાબતમાં પ્રાપ્ત થશે નહીં અને તેવુ કૃત્ય તથા તેવા વ્યવહારો અમારા અસીલોને બંધનકર્તા રહેશે નહીં તે જાણશો.

દર્શન એસ. બ્રહ્મભટ્ટ તે અલ્પેશકુમાર મહેશભાઈ પટેલ તથા રાજેશકુમાર મહેશભાઈ પટેલ ના એડવોકેટ
ઓફીસ : ૨૦૨, હરિઓમ એપાર્ટમેન્ટ, દિવાળી બાગ, અઠવાલાઇન્સ, સુરત મો.નં. ૯૦૨૩૩૦૪૧૩૮

જાહેર નોટીસ

જત આથી તમામને જણાવવાનું કે, નીચે જણાવેલા વર્ણન અને વિગતવાળી જમીન **(૧) પ્રજ્ઞા પ્રવિણસિંહ (૨) જયદેવભાઈ ભીમજીભાઈ (૩) સવિતાબેન કાંતિભાઈ મારૂ (૪)ભારતીબેન કાંતિભાઈ મારૂ (૫) કેતન કાંતિભાઈ મારૂ અને (૬) વસંત કાંતિભાઈ મારૂની** સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી છે. સદરહુ જમીન અમારા અસીલે વેચાણથી લેવાનું નક્કી કર્યુ છે જેથી સદરહુ જમીન અંગે કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત, ચાર્જ બોજા કે લીયન કે દરદાવા વિગેરેના હકકો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમારી ઓફીસના નીચે જણાવ્યા મુજબના સરનામે લેખિતમાં પુરાવા સહીત આવી નોંધાવી જવા. જો મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના વાંધાઓ આવશે તો તેવા વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી તમામે નોંધ લેવી.

જમીનની વિગત

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ, તાલુકો કતારગામના **મોજે ગામ વરીયાવના સર્વે નં.૧૦ પૈકી, ૭ પૈકીના બ્લોક નં.૧૪–પૈકી–૧** વાળી જમીન કે જેનો **ખાતા નં.૩૪૬૭** છે તથા આકાર રૂા.૧૫.૨૫ પૈસા છે તથા જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧–૨૮–૪૭ યાને ૧૨૮૪૭ચો.મી. છે જેનો ટી.પી. સ્કીમ નં.૩૮(વરીયાવ) અને એફ. પી. નં.૧૯ છે જેનું એફ.પી. મુજબનુ ક્ષેત્રફળ ૭૨૨૦ચો.મી. છે તથા સીટી સર્વે નં.દબક્ષ,ઢઉઢ૧ છે તે પૈકી પુર્વ તરફની સબ–ડીવીઝન–૧ વાળી ૪૬૧૯ ચો.મી. જમીન તેના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની દરોબસ્ત.

તા. ૨૫/૦૬/૨૦૨૬

સરનામુ :૧૦૨, લીલા એપાર્ટમેન્ટ, દરજીશેરી, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ મો. નં.૯૮૨૫૬-૫૯૦૭૭

મનોજ ટી. પટેલ
એડવોકેટ
ખરીદનાર તથા વેચનારની સુચનાથી

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **મોજે ગામ સેલુતના** સર્વે નં. ૩૮/૫, ૬ જેનો **બ્લોક નં.૬૧૮** પૈકી **દક્ષિણ દિશા** તરફની જમીન જેનું ક્ષેત્રફળ હે.૦-૨૨-૭૬ આરે ચો.મી. વાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **તારાબેન તે પરભુભાઈ પટેલની પુત્રી અને સુખદેવભાઈ પટેલની વિધવાનાં** નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારનાં લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે તેમ માની લઈ અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી. (તા. ૨૫/૦૬/૨૦૨૬)

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ, પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં, મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ, જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭/૮૭૫૮૧ ૩૪૮૧૫

ધ્રુવ આર. પટેલ
ઋષિલ આર. પટેલ
એડવોકેટ્સ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લા ના અબ્રામા તાલુકા ના મોજેગામ ભરથાણા-કોસાડ ના સર્વે નંબર ૨૪૯, બ્લોક નંબર ૨૫૦, તથા ટી.પી. સ્કીમ નં.૮૪, એફ.પી. નં.૫૭, વાળી રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ જમીન જેનુ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે ૦-૧૬-૧૯ ચો.મી. તથા એફ.પી. મુજબનુ ક્ષેત્રફળ ૯૦૧ ચો.મી. જેનો આકાર રૂા. ૩.૨૫ પૈસા વાળી જમીન જેના માલિક (૧) વજુભાઈ ભીખાભાઈ પાનશેરીયા (૨) મનસુખભાઈ કરશનભાઈ ચકરાણી એ પોતાની પ્રત્યક્ષ કબજા ભોગવટાની સંપૂર્ણ ટાઈટલ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, સાટો, ગીરો, હિત કે દર દાવો વિગેરે ચાલી આવેલ હોય તો આજ દિન થી ૭ દિવસમાં હમોને લેખીત પુરાવા સાથે જાણ કરવી જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદત વીત્યે અમારા અસીલ સદરહું જમીન અંગે પોતાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, જે અંગે પાછળથી કોઈની કોઈ પણ જાતની તર-તકરાર કે હકક, દાવા કે વાંધા ચાલશે નહી જેની ખાસ નોધ લેવી. તા. ૧૧/૦૬/૨૦૨૬

પીયુષ વી. સુતરીયા તે ખરીદનારનાં એડવોકેટ
ઓફિસ : ૨૩૧, રોયલ સ્કવેર, લા ફાઉટન્ટ હોટલની સામે, VIP સર્કલની બાજુમાં, ઉત્રાણ-કોસાડ રોડ, ઉત્રાણ, સુરત. મો.નં. ૯૯૨૫૭ ૪૮૨૭૮

મોજે : વીહારા, તા.ઓલપાડ, જી. સુરતનાં બ્લોક નં. ૨૧૩, સર્વે નં. ૧૭૭/૨, ૧૭૮/૨ વાળી જુની શરતની ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ-ડિસ્ટ્રીકટ તા.ઓલપાડનાં મોજે ગામ વીહારાનાં બ્લોક નં.૨૧૩, સર્વે નં.૧૭૭/૨, ૧૭૮/૨ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.૨-૨૬-૬૩ યાને ૨૨૬૬૩ ચો.મી. થાય છે. તે જુની શરતની ખેતીની જમીન **(૧) મનીષભાઇ હરકિશનભાઇ પટેલ** અને **(૨)જનકભાઇ હરકિશનભાઇ પટેલ** નાંઓની પોતાની સંયુકત માલિકી કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની ચાલી આવેલી હોવાનું જણાવી તેમજ સદરહુ જુની શરતની ખેતીની જમીનનાં ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ, કોઇપણ જાતનાં બોજા કે ચાર્જ રહિત હોવાનું જણાવી, કોઇનાં કશા પ્રકારનો ઇઝમેન્ટના હકક ન હોવાનું જણાવી તેમજ અન્ય કોઇને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહુ ખેતીની જમીનનો પ્રત્યક્ષ કબ્જો વેચાણ દસ્તાવેજ કરતી વખતે સુપરત કરવાનું જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી સદરહુ ખેતીની જમીન બાબતે કોઇપણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઇના કોઇપણ પ્રકારનાં હકક હિત, હિસ્સા, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇપણ જાતનો વાંધો હરકત હોય તો તેણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો હરકત નથી અને હોય તો તે જતા કર્યા છે યાને વેઇવ કર્યો છે. એમ માની લઇ અમારા અસીલ સદરહુ ખેતીની જમીનના પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અગર તે સંદર્ભનાં અન્ય પાકા લખાણો કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ : ૨૦૪, સેકન્ડ ફલોર, ઓકયુલસ મધુવન સર્કલની નજીક, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ મો.૯૭૨૭૭-૦૬૫૪૩

દિપન આર. માસ્તર
સ્મિત આર. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રિકટ, ઓલપાડ સબ–ડિસ્ટ્રિકટ, **મોજે મોરથાણ** ના **બ્લોક નં.૧૪૫** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન, કે જેનું **ક્ષેત્રફળ હે.આરે. ૦–૨૪–૨૮ ચો.મી.** છે જેનો આકાર રૂા. ૩.૭૫ પૈસા છે. તથા **બ્લોક નં.૧૪૬** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું **ક્ષેત્રફળ હે.આરે. ૦–૦૮–૦૯ ચો.મી.** છે. જેનો આકાર રૂા. ૧.૫૦ પૈસા છે તે **કુલ્લે હે.આરે. ૦–૩૨–૩૭ ચો.મી.** જુની શરતની ખેતીની જમીન **વીણાબેન પ્રવિણચંદ્ર સુરતી તે હિતેશ પરમારની પત્ની** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું જમીનોના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીનો ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનોમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો કે લીયન / ચાર્જ કે ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા / રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનોમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો, લીયન/ચાર્જ, ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનોનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં–વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૫/૦૬/૨૦૨૬
સરનામું : એ-૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ, લવ એન કેર હોસ્પિટલ પાસે, તારવાડી, રાંદેર, સુરત. મો. 90162 34004

નીતીન જે. ગોરસીયા
તે અસીલના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત, તા. મજુરાના ગામઃ બમરોલીના રે. સ./બ્લોક નં. ૪૫/અ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૪૩૬૯ ચો.મી. છે, જેને ટી. પી. સ્કીમ નં. ૭૨ (બમરોલી) લાગુ પડતાં ઓ. પી. નં. ૪૨, ફા. પ્લોટ નં. ૪૨/બ વાળી બિનખેતીની જમીન, જેનું ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૨૬૨૧ ચો.મી. છે તે બિનખેતીની જમીનના માલિક મલય કનુભાઈ ઠક્કર પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** મજકુર જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન ૭ (સાત) માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં તેના ઉપરોક્ત માલિક સિવાય અન્ય કોઈના હક્ક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદત વીત્યે હમારા અસીલ મજકુર જમીન અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.

મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત** સબડીસ્ટ્રીકટ તાલુકે **કામરેજ**નાં મોજે ગામ **વાવનાં રે.સ.નં.૨૬૬/૧** તથા **૨૬૭/૨**, કે જેનો **રીસર્વે બાદ નવો સર્વે/બ્લોક નં.૩૫૫**(કે જેનો **રીસર્વે પહેલાનો બ્લોક નં.૨૯૬** છે.) થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે ૦-૬૩-૦૩ ચો.મી. યાને ૬,૩૦૩ ચો.મી.વાળી ખેતીની જમીન, કે જેનો ખાતા નં.૪૬૧ થી નોંધાયેલ જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન માલીક તરીકે **(૧) મહેશકુમાર દોલતરાય મોદી (૨) હર્ષ મહેશકુમાર મોદી (૩) ખુશ્બુ હર્ષકુમાર મોદી** તથા **(૪) સગીર શિવાંશ હર્ષકુમાર મોદી**ની સંયુકત માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોકત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડકતરો બોજોનો હકક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડિંગ, કોઈ બેંક, સંસ્થા, ટ્રસ્ટ, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લિયન, સિકયુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હકક, ઈઝમેન્ટ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ માં** તેના દસ્તાવેજી પુરાવા સહીત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોકત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકક-હિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોધ લેવી. **તા. ૨૫/૦૬/૨૦૨૬**

પરેશ એમ. દિયોરા મો. ૯૮૭૯૦૧૧૭૧૨ — **નીતા પી. દિયોરા** મો. ૯૯૦૯૦૩૦૩૦૪
ખરીદનારના એડવોકેટ્સ
ઓફિસ : ૪૦૩/એ ચોથા માળ, ઉત્સવ કોમ્પલેક્સ, ચોપાટીની સામે, નાના વરાછા, સુરત.

સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ પારડી ભાદોલીના બ્લોક નં. ૮૨/૨ વાળી જુની શરતની ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ **પારડી ભાદોલી**માં આવેલ જુની શરતની ખેતીની જમીન કે જેનો **બ્લોક નંબર- ૮૨/૨** છે અને જેનો વિસ્તાર યાને ક્ષેત્રફળ ૦૧-હેકટર, ૫૧-આરે, ૯૯-ચો.મી. થાય છે અને જેનો આકાર રૂપિયા ૧૭-૨૪ પૈસા છે અને જે ખાતા નંબર- ૪૨૨ થી નોંધાયેલ છે તે ખેડ હકકની ખેડ ખાતાની ખેતીની જમીન ના સંયુકત માલિક, મુખત્યાર અને કબજેદાર માલિકી હકકથી **(૧) મમતાબેન ભુપેન્દ્રભાઈ દેસાઈ,** રહેવાસીઃ રંગછાયા, દેસાઈ ફળીયુ, પારડી ભાદોલી, તા.ઓલપાડ, જી.સુરતના. તેમજ **(૨) દેવાંગી તે ભુપેન્દ્રભાઈ દેસાઈ ની દિકરી અને દેવલ દેસાઈની ધણીયાણી** મુળ રહેવાસીઃ ગીતાસદન, સાંઈનગર કોમ્પલેક્ષ, સરદાર બાગ, સરદાર હોસ્પીટલ પાસે, સ્ટેશન રોડ, બારડોલી, સુરતના, Presently Residing at: 2912 65 Avenue Place, Lloydminster, Alberta T9V3H5 Canada. તેમજ **(૩) ખ્યાતિ તે ભુપેન્દ્રભાઈ દેસાઈની દિકરી અને નિલેષ દેસાઈની ધણીયાણી,** રહેવાસીઃ બી-૧૦૧, ચંદન પાર્ક એપાર્ટમેન્ટ, અગ્રેસન ભવન પાછળ, સીટીલાઈટ, સુરત સીટી, સુરતના હોવાનું જણાવીને હમારા અસીલ **કેતનકુમાર નરેન્દ્રભાઈ પટેલ** વિગેરે... રહેવાસીઃ નિશાળ ફળીયુ, મુળદ, તા. ઓલપાડ, જી. સુરતનાને વેચાણ આપવાનું નકકી કરી કિંમતી બ્યાનાની રકમ સ્વીકારેલ છે જેથી સદરહુ જમીનમાં જો કોઇ શખ્સ, ઇસમ કે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક-હિસ્સો, દર-દાવો કે હરકોઇ પ્રકારના વારસાઇ, ખોરાકી-પોષાકી, આવવા-જવાના, પાણી નિકાલના કે ગણોત હકક કે અધિકાર હોય કે કોઇપણ બેંક કે બેંકીગ જેવી સંસ્થાની કે ખાનગી પેઢીની લોન, બોજો અગર ગીરો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી તેમ કરવામાં કસુર કર્યેથી મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ પ્રકારનો હકક-હિસ્સા, દર-દાવો કે અધિકાર સદરહુ જમીનમાં નથી અને હોય તો તે જતા કરેલા છે તેવુ શુધ્ધબુધ્ધિપુર્વક માની હમારા અસીલ સદરહુ જમીનનો પુરે પુરો કિંમતી વેચાણ અવેજ ચુકવી સમય મર્યાદામાં પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદરહુ જમીન માલિકો પાસેથી કરાવી લેશે ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની તમામે નોંધ લેવી. (તા. ૨૫/૦૬/૨૦૨૬)

દિલીપસિંહ એમ. મહીડા
તે ખરીદનારના એડવોકેટ અને નોટરી

ઓફિસ : ૧-૨, અપર-ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીર એન્કલેવ, કીમ-કઠોદરા રોડ, કીમ(પશ્ચિમ), તા. ઓલપાડ, જી.સુરત. મો. ૯૮૭૯૦ ૮૬૬૮૮

તા.૨૬.૦૫.૨૦૨૬નાં ના રોજ એડવોકેટ મયુર એસ. હોટવાણીનાએ આપેલ જાહેર નોટીસ વિરૂધ્ધ જાહેર જવાબ તથા વળતી નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર જવાબ તથા વળતી નોટીસથી જણાવવાનું કે, તા.૨૬.૫.૨૦૨૬ ના રોજ એડવોકેટ મયુર એસ. હોટવાણીએ તેઓના અનામી ખરીદનારાઓ તર્ફે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટ મોજે પીંજરતનાં રે.સર્વે નં.૪૩૬, જેનો બ્લોક નં. ૯૯૯ જેનું ક્ષેત્રફળ : હે.આરે. ૦-૫૨-૬૧ ચો.મી યાને ૫૨૬૧ચો.મી જેનો આકાર રૂા.૧.૫૦ પૈસાવાળી જુની શરત વાળી ખુલ્લી જમીન પૈકી હે.આરે. ૦-૧૦-૫૨ ચો.મી યાને ૧૦૫૨ ચો.મી વાળી જમીનના સહ માલિક (૧) લલ્લુભાઈ રામાભાઈ (૨) પાર્વતીબેન લલ્લુભાઈ સોલંકી (૩) દિનેશભાઈ લલ્લુભાઈ સોલંકી (૪) જય લલ્લુભાઈ સોલંકીના ઓ પાસેથી ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલી. જે જાહેર નોટીસ વિરૂધ્ધ અમારા અસીલો (૧) ઉષાબેન તે નટવરભાઈ લલ્લુભાઈની વિધવા, (૨) જયેશભાઈ નટવરભાઈ તથા (૩) બળવંતભાઈ નટવરભાઈ તર્ફે મળેલી સુચના અને ફરમાઈશ આ જાહેર જવાબ તથા વળતી નોટીસ આપી જણાવવાનું કે, સદરહુ નોટીસમાં જણાવેલ જમીન મર્હુમ રામાભાઈ ભગાભાઈને ગણોતીયા હકકે પ્રાપ્ત થયેલી. સદરહુ જમીન વડીલોપાર્જીત ચાલી આવેલ હોય અને સદરહુ જમીનમાં અમારા અસીલોનું મર્હુમ નટવરભાઈ લલ્લુભાઈના સીધી લીટીના વારસદાર તરીકે કાયદેસરનો વણ વહેંચાયેલ હકક, હીસ્સો પહોંચે છે અને તે વણ વહેંચાયેલ હકક, હીસ્સો મેળવવા માટે અમારા અસીલોએ મે.ઓલપાડના સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.મું. નં.૮૮ સને ૨૦૧૮ દાખલ કરેલો અને તે દાવાના કામે થયેલ હુકમની સામે ફરી ફાઈલ અરજી નં.૧૮ સને ૨૦૨૫ થી દાખલ કરવામાં આવેલ છે. જે હાલ પેન્ડીગ છે. આમ, સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ નથી અને મેટર સબજયુડીશ છે. આમ, સદરહુ જમીનમાં અમારા અસીલોનો કાયદેસરનો વણ વહેંચાયેલ હકક, હીસ્સો ચાલી આવેલ હોય અમારા અસીલોની પુર્વ લેખીત પરવાનગી વિના સદરહુ જમીન કોઈપણ વ્યકિતએ ખરીદ કરવી નહી કે કોઈપણ ઈસમો સાથે કોઈપણ પ્રકારના કરારો કે લખાણો કરવા કરાવવા નહી. આ જાહેર જવાબ તથા વળતી નોટીસ છતાં જો કોઈપણ વ્યકિત અમારા અસીલોની સંમતી વિના સદરહુ જમીન ખરીદ કરશે કે કોઈપણ પ્રકારના લખાણો કે કરારો કરશે તો તેઓને તકરારો સિવાય કાંઈ પ્રાપ્ત થશે નહી અને કોર્ટ પ્રકરણોમાં સંડોવાવું પડશે જેની આથી તમામે ગંભીર નોંધ લેવી. વધુમાં સદરહુ જમીન ખરીદનારા અનામી ઈસમોના નામ, સરનામા જાહેર કરવાની પણ આથી નોટીસ આપવામાં આવે છે.

જેનીશ એમ. પટેલ
તે ઉષાબેન નટવરભાઈ વિગેરેના એડવોકેટ
રહેઃ- ૩૯, લીબડી સ્ટ્રીટ, અલથાણ ગામ, સુરત. મો.નં. ૯૮૨૫૩૦૯૬૨૨

"OFIRA PEAK" - ઓફીરા પીકના "જી" બિલ્ડીંગના પાંચમા માળે આવેલ ફલેટ નં. જી-૫૧૩ અંગે જાહેર ચેતવણી

જીલ્લો સુરત, તાલુકો મજુરા, મોજે વેસુના રેવન્યુ સરવે નંબર- ૨૫૩, રીવીઝન સરવે નંબર-૧૫૨/૧, ટી.પી.સ્કીમ નંબર-૫ (વેસુ-ભીમરાડ), ઓ.પી.નંબર-૭૮, ફાયનલ પ્લોટ નંબર- ૬૮ તેમજ રેવન્યુ સરવે નંબર-૨૫૧, રીવીઝન સરવે નંબર-૧૫૧/૨, રેવન્યુ સરવે નંબર-૨૫૪, રીવીઝન સરવે નંબર-૧૫૨/૨, રેવન્યુ સરવે નંબર-૨૫૫, રીવીઝન સરવે નંબર-૧૫૨/૩, ટી.પી.સ્કીમ નંબર-૫ (વેસુ-ભીમરાડ), ઓ.પી. નંબર-૮૦, ફાયનલ પ્લોટ નંબર-૭૦/૧ તથા ૭૦/૨ તે જમીનો પૈકી ફાયનલ પ્લોટ નંબર-૬૮ જેનું ક્ષેત્રફળ ૬૦૪૫.૦૦ સમ ચોરસ મીટર તથા ફાયનલ પ્લોટ નંબર-૭૦/૧ જેનું ક્ષેત્રફળ ૬૨૮૪.૦૦ સમ ચોરસ મીટર મળી કુલ્લે ૧૨૩૨૯.૦૦ સમ ચોરસ મીટરની ઉપર બાંધવામાં આવેલ "ઓફીરા પીક"નું આયોજન "અવન્ટીસ યુનીટેક એલ.એલ.પી."ના ભાગીદારો (૧) શ્રી અંકિત શંકરલાલ શાહ તથા (૨) વિરલ શંકરલાલ શાહનાઓ દ્વારા કરવામાં આવેલ. સદરહુ પ્રોજેકટ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના પ્રબંધ હેઠળ નોંધાયેલ છે. જેનો મુળ રજીસ્ટ્રેશન નંબર-PR/GJ/ SURAT CITY/ SUDA/ RAA04942/280219 DATE : 28/02/2019 હતો અને એક્ષટેન્શન મેળવ્યા બાદ હાલ જેનો રજીસ્ટ્રેશન નંબર-PR/GJ/SURAT CITY/ SUDA/RAA04942/AIR/EX2/011025 /301026 છે.

"ઓફીરા પીક"ના "જી" બિલ્ડીંગના પાંચમા માળે આવેલ ફલેટ નંબર- જી-૫૧૩ વાળી મીલકત કે જેનો બીલ્ટઅપ એરીયા ૨૦૩.૧૬ ચોરસ મીટર અને મંજુર થયેલ પ્લાન મુજબનો કારપેટ એરીયા ૧૯૧.૮૨ ચોરસ મીટર અને રેરા રજીસ્ટ્રેશન એકટ મુજબ કારપેટ એરીયા ૧૮૧.૯૬ ચોરસ મીટર છે તે મીલકત તથા તેને લાગુ આવેલ બાલ્કની કે જેનો એરીયા ૧૧.૩૬ ચોરસ મીટર અને વોશ એરીયા ૪.૪૧ ચોરસ મીટર છે તે મીલકત તથા બિલ્ડીંગ તળેની જમીનમાં ફાળે પડતા વણવહેંચાયેલા હિસ્સાની જમીન સહિતની મીલકત તે માંહેના તથા બહારના તમામ હકકો સહિતની મીલકત "અવન્ટીસ યુનીટેક એલ.એલ.પી." વતી તથા તરફે તેના ભાગીદારો (૧) શ્રી અંકિત શંકરલાલ શાહ તથા (૨) વિરલ શંકરલાલ શાહનાઓએ અમારા અસીલો (૧) શ્રી દિલીપકુમાર ચંપકલાલ રગડવાલા તથા (૨) શ્રી રોબીન દિલીપકુમાર રગડવાલાનાઓને વેચાણ આપવાનું નક્કી કરી અને તે સંદર્ભમાં અમારા અસીલોના લાભમાં કાયદેસરના લખાણો કરી આપેલ છે. અમારા અસીલોએ ૯૯ ટકા ઉપરાંતનો અવેજ પણ ચુકવી આપેલ છે.

અમારા અસીલોની જાણમાં આવેલ છે કે "અવન્ટીસ યુનીટેક એલ.એલ.પી." વતી તથા તરફે તેના ભાગીદારો (૧) શ્રી અંકિત શંકરલાલ શાહ તથા (૨) વિરલ શંકરલાલ શાહનાઓએ સદરહુ ફલેટ અન્ય કોઇને વેચાણ આપી દીધેલ છે અને એ રીતે ગંભીર ફોજદારી ગુનો કરેલ છે. અમારા અસીલો જરૂરી પુરાવા એકત્રીત કરી ગુનામાં સંડોવાયેલ તમામ સામે ફોજદારી ફરિયાદ કરનાર છે તેમજ ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી સમક્ષ ફરિયાદ કરનાર છે.

"ઓફીરા પીક"ના "જી" બિલ્ડીંગના પાંચમા માળે આવેલ ફલેટ નંબર- જી-૫૧૩ અંગે ગુજરાતમિત્ર દૈનિક પત્રમાં તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ "ટાઈટલ કલીયરન્સ અંગે નોટીસ" ના શીર્ષક હેઠળ પ્રસિધ્ધ થયેલ નોટીસ ભ્રામક અને ગેરરસ્તે દોરવનારી છે અને ફોજદારી ગુના ઉપર "ઢાંક પીછોડો" કરવા માટે બદદાનતથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ફલેટ નંબર- જી-૫૧૩ ના કહેવાતા માલિક શ્રી કૌશલ નંદલાલ ખંડેલિયા પણ ફોજદારી ગુનામાં સંડોવાયેલા હોવાનું પ્રથમદર્શનીય જણાય છે.

"ઓફીરા પીક" ના પ્રોજેકટમાં અન્ય વ્યકિતઓએ પણ ફલેટ બુક કરાવી કાયદેસરના નાણાં ચુકવેલ છે અને કેટલાકને "અવન્ટીસ યુનીટેક એલ.એલ.પી." વતી અને તરફે તેના ભાગીદારોએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો પણ કરી આપેલા છે અને તેમ છતાં તે ફલેટોનો કબજો જે તે વ્યકિતઓને સોંપવામાં આવેલ નથી અને પ્રોજેકટના આયોજકો દ્વારા ત્રાહિત વ્યકિતઓને વેચાણ કરી દેવામાં આવેલ છે તેવી જાણકારી પણ અમારા અસીલને મળેલ છે.

કોઇપણ વ્યકિત યા સંસ્થા સદરહુ મીલકત અંગે ખોટા વ્યવહારમાં ફસાઇ ન જાય તેવા શુભ આશયથી જાહેર હિતમાં આ જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ઓફિસ-૪૦૧, "સાઈગોન" ચોથા માળે, સ્ટાર બકસના માળ ઉપર, સીટીલાઈટ રોડ, સુરત

જતિન જે. ગાંધી,
ઉમંગ જે. ગાંધી
તે (૧) શ્રી દિલીપકુમાર ચંપકલાલ રગડવાલા તથા (૨) શ્રી રોબીન દિલીપકુમાર રગડવાલાના એડવોકેટ્સ